# ભાગ્ય બડે જહાં સંત પધારે

**સંતભગવંત** સાહેબજીની અનહદ કૃપાથી સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા યુ.એસ.એ.ની ધર્મયાત્રાએ પધારતા પહેલાં પાંચ દિવસ માટે યુ.કે. પધાર્યા. તેઓના સાંનિધ્યમાં વિવિધ કાર્યક્રમો યોજાયા અને સૌને ભક્તિનો-સમાગમનો અદ્‌ભુત લાભ પ્રાપ્ત થયો. ૨૦મી જૂન, બુધવારે તેઓ યુ.કે. પધાર્યા. હિથ્રો ઍરપૉર્ટ પર પૂ. હિંમતસ્વામી, પૂ. પંકજભાઈ, પૂ. ગોપાલભાઈ, પૂ. વાસુભાઈ, હરીશમુનિ, બાબુભાઈ આદિ સંતો-ભક્તોએ સ્વાગત કર્યાં. સાંજે મંદિરમાં પૂ. અશ્વિનદાદાએ સ્વાગત-મિલન સભામાં લાભ આપ્યો.

પૂ. અશ્વિનદાદા અને સંતો ૨૧ જૂન, ગુરુવારે 'દેવરોન'માં બારીન્દ્રભાઈ-બિંદુબાના ઘરે મહાપૂજા કરવા પધાર્યા. સૌ કુટુંબીજનો-ઋત્વિક-સ્મિતા, તપન-પૂજા અને બાળકોને પૂ. અશ્વિનદાદાએ ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ આપ્યા. ૨૨ જૂન, શુક્રવારે સાંજે ભગવાન સ્વામિનારાયણના સ્વધામગમન દિનને ભક્તિભાવથી ઊજવી પૂ. અશ્વિનદાદાએ સૌને પ્રભુના માહાત્મ્યમાં ગરકાવ કર્યા. ૨૩ જૂન, શનિવારે સવારે જ્યોત્સનાબહેનના ઘરે મહાપૂજામાં પધારી સૌ પરિવારજનોને આશીર્વાદ આપ્યા. સાંજે બ્રહ્મસ્વરૂપ યોગીજીમહારાજના નિર્વાણ સ્મૃતિદિન નિમિત્તે ભજનસંધ્યામાં સૌ ભક્તોને લાભ આપ્યો. ૨૪ જૂન, રવિવારે સવારે હરીશમુનિના ૭૦મા જન્મદિન અને શાંતિમામાના ૭૫મા જન્મદિન નિમિત્તે શ્રીઠાકોરજી સમક્ષ પ્રાર્થનાઓ કરી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ હરીશમુનિના ઘરે મહાપૂજામાં સૌ કુટુંબીજનો - આકાશ-ચૈતાલી, નિયતિ-અમિતને પૂજામાં બેસાડી આશીર્વાદ આપ્યા. સાંજે સત્સંગસભામાં હરીશમુનિ-શાંતિમામાના જન્મદિન નિમિત્તે તેઓ બંનેનાં સમર્પણની અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ આપ્યા. આમ, પાંચ દિવસના ટૂંકા સમયમાં સૌ ભક્તોને ગોષ્ઠિ-સમાગમનો અદ્‌ભુત લાભ આપીને ૨૫ જૂન, સોમવારના રોજ પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા અને પૂ. વાસુભાઈ યુ.એસ.એ. પધાર્યા.



ઈંગ્લૅન્ડમાં પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદાનાં સ્વાગત-મિલનની સભા

૨૫ જૂને નેવાર્ક-યુ.એસ.એ. ઍરપૉર્ટ પર પૂ. જયેશભાઈ, મૂકેશભાઈ કઢીવાલા, જયંતભાઈ, પીયૂષભાઈ-ભાવનાબહેન, જિતુભાઈ આદિ સંતો-ભક્તોએ ભાવથી સ્વાગત કર્યાં. ઍલનટાઉન મંદિરે સૌ ભક્તોના સ્વાગતના ભાવ ઝીલી શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં. ત્યારબાદ યોજાયેલ સ્વાગતસભામાં પૂ. અશ્વિનદાદાએ સુંદર આશીર્વાદ આપ્યા. ૨૭ જૂને રોહિતભાઈ-રેખાબહેનના ઘરે હોરસમ-ફિલાડેલ્ફિયામાં પધરામણી કરી સૌ પરિવારજનોને લાભ આપ્યો. ૨૯ જૂન, શુક્રવારે લૅન્સડેલ મંડળની સભામાં પધારી આશીર્વાદ આપ્યા. ૩૦ જૂને ઍલનટાઉન મંદિરે શનિવારની સભામાં પૂ. અશ્વિનદાદા અને સંતોનાં સ્વાગત થયાં. કુલદીપ અને બાળકોએ તેમજ શિવાની અને યુવતીઓએ પ્રાર્થનાનૃત્ય રજૂ કર્યાં. આ સભામાં પૂ. જયેશભાઈનો ૬૦મો જન્મદિવસ પણ ઉજવાયો. ૧ જુલાઈ ને રવિવારે બોઈસર-લુઝિયાનામાં દિલીપભાઈનાં માતુશ્રી ધામમાં ગયાં તે નિમિત્તેની મહાપૂજામાં પધારી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ મૂકેશભાઈ-કાશ્મિરાબહેનના ઘરે પધરામણી કરી સભાને અંતે પૂ. જયેશભાઈ અને પૂ. અશ્વિનદાદાના જન્મદિવસની કેક અર્પણ કરી. ૨ જુલાઈ, સોમવારે લુઝિયાનામાં ડૉ. પરીખના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનોને લાભ આપ્યો. ત્યાંથી નીકળી ડલાસ હેમલભાઈ-ઋતાબહેનના ઘરે પધરામણી કરી સભામાં કીર્તનનું નિરૂપણ કરી સૌ પરિવારજનોને તેમજ સ્થાનિક મંડળના ભક્તોને લાભ આપ્યો. સભાને અંતે પૂ. જયેશભાઈ અને પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની કેક અર્પણ કરવામાં આવી. ૩ જુલાઈએ ડલાસમાં નીતાબહેન શાહના ઘરે પધરામણી કરી. ઑસ્ટિનમાં દીપ-સુશીલાના ઘરે, પ્રેરણાબહેનના ભાઈ શરણના ઘરે, પૂ. અશ્વિનદાદાનાં ભાણી હેમાબહેન-હર્ષદભાઈના ઘરે તથા બ્રાઉન્સફેલ્સમાં સંજય-વૈશાલીના ઘરે પધરામણી કરી. ૪ જુલાઈએ સાન આન્ટોનિયોમાં હેમલતાબહેન (તુંડી)ની દીકરી રચના-પીયૂષકુમારના ઘરે, મોહનકાકા-સુશીલાકાકીના ઘરે પધરામણી કરી. ૫ જુલાઈએ સવારે દાજી-હેમલતાબહેનના દીકરા મિતુલ-રાધિકાના ઘરે મહાપૂજામાં આશીર્વાદ આપ્યા. ◆